બારડોલીના સાંકરી ખાતે સ્વામિનારાયણ મંદિરમાં માર્ગ સલામતી જાગૃતિ અભિયાન, અકસ્માતના આંકડા ચોંકાવનારા

સુરત ગ્રામ્યમાં 30 દિવસમાં સરેરાશ ૪૧.૫ લોકોનાં મોત

માર્ગ સલામતી અગ્રદૂત પ્રશિક્ષણ અંતર્ગત ૧૫૦૦થી વધુ વિદ્યાર્થીઓને હેલ્મેટનું નિ:શુલ્ક વિતરણ કરવામાં આવ્યું

અકસ્માત રોકવા શું કરી શકાય

ટ્રાફિક નિયમોનું કડક પાલન: રોંગ સાઈડમાં વાહન ચલાવવું, ઓવરસ્પીડિંગ અને સિગ્નલ તોડવા જેવી જોખમી ટેવોથી દૂર રહેવું

સુરક્ષા સાધનોનો ફરજિયાત ઉપયોગ: ટુ-વ્હીલર ચલાવતી વખતે હેલ્મેટ અને ફોર-વ્હીલરમાં સીટબેલ્ટનો ઉપયોગ કરવો.

સગીર વયનાં બાળકો પર નિયંત્રણ: નાનાં બાળકોને બાઇક કે મોપેડ આપવાને બદલે વાલીઓએ જવાબદારીપૂર્વક તેમને વાહન ચલાવતા અટકાવવા

રાહદારીઓની સુરક્ષા: રસ્તો ઓળંગતી વખતે ક્રોસવોકનો ઉપયોગ કરવો અને વાહન ચાલકોએ રાહદારીઓને પ્રાધાન્ય આપવું

બારડોલી: સુરત જિલ્લામાં માર્ગ અકસ્માતોનો સિલસિલો ચિંતાજનક સ્તરે પહોંચ્યો છે. ફેટલ એક્સિડન્ટ (ગંભીર અકસ્માતો)ના મામલે સુરત ગ્રામ્ય દેશમાં ૧૯મા અને ગુજરાત રાજ્યમાં પ્રથમ ક્રમે પહોંચી ગયું છે. બારડોલીના સાંકરી ખાતે સ્વામિનારાયણ મંદિરમાં આયોજિત માર્ગ સલામતી જાગૃતિ અભિયાનમાં અધિકારીઓ દ્વારા રજૂ કરાયેલા ચોંકાવનારા આંકડા મુજબ સુરત ગ્રામ્યમાં વર્ષ-૨૦૨૫ દરમિયાન દર ત્રીસ દિવસમાં સરેરાશ ૪૧.૫ લોકોના અકસ્માતમાં મૃત્યુ થતાં હતાં, જે મૃત્યુદર વર્ષ ૨૦૨૬માં વધીને ૪૩.૫૦ પર પહોંચી ગયો છે.

વધતા જતા અકસ્માતોને નાથવા અને યુવાનોમાં જાગૃતિ લાવવાના હેતુથી આવાસ યૂથ માર્ગ સલામતી શિક્ષા અને જાગૃતતા અભિયાન, ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી અને મોટર વાહન વિભાગની પ્રેરણાથી સાંકરી ખાતે વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. આવાસ ફાઈનાન્સિયર્સ લિમિટેડ અને રાજસ્થાન માર્ગ સલામતી સોસાયટીના સહયોગથી માર્ગ સલામતી અગ્રદૂત પ્રશિક્ષણ અંતર્ગત ૧૫૦૦થી વધુ વિદ્યાર્થીઓને નિ:શુલ્ક હેલ્મેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજસ્થાનના નિવૃત્ત વાહન વ્યવહાર કમિશનર વિરેન્દ્રસિંહ રાઠોડે સવાલ-જવાબ દ્વારા વિદ્યાર્થીઓમાં ટ્રાફિક નિયમો અંગે જાગૃતતા લાવવાનો સરાહનીય પ્રયાસ કર્યો હતો. બારડોલી આરટીઓ સી.ડી.પટેલે પ્રાસંગિક ઉદ્બોધનમાં રાજ્યમાં સૌથી વધુ અકસ્માત સુરત ગ્રામ્યમાં થતા હોવાની બાબત પર ભાર મૂકી અકસ્માતોના ચિંતાજનક આંકડા રજૂ કર્યા હતા.

સુરત જિલ્લા પોલીસ વડા રાજેશ ગઢિયાએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં દર વર્ષે ૮૦૦૦ લોકોના માર્ગ અકસ્માતમાં મૃત્યુ થાય છે. લોકોમાં નિયમોનું જ્ઞાન હોવા છતાં જાણે તેનું પાલન ન કરવાની અને પોતાના પરિવારને જોખમમાં મૂકવાની ગાંઠ બાંધી લીધી છે. ૨૦૦થી ૫૦૦ મીટરનું અંતર કાપવા માટે રોંગ સાઈડમાં વાહન ચલાવીને લોકો પોતાને હીરો સમજે છે, જે ખરેખર મૂર્ખતાભર્યું કાર્ય છે. નાનાં બાળકો એક્ટિવા ચલાવે ત્યારે ગર્વ અનુભવતા માતા-પિતાએ સમજવાની જરૂર છે કે આવાં બાળકો 'સ્યુસાઇડ બોમ્બર' સમાન છે, જે પોતાનો અને અન્ય નિર્દોષ લોકોનો ભોગ લે છે. સુરતને ઝીરો ફેટાલિટી ડિસ્ટ્રિક્ટ બનાવવાનો લક્ષ્યાંક છે અને આગામી ૪ વર્ષમાં અકસ્માતોમાં ૫૦ ટકા ઘટાડો લાવવાનું આયોજન છે. નોંધનીય છે કે કુલ અકસ્માતોમાંથી ૪૬ ટકા અકસ્માત ટુ-વ્હીલરના અને ૩૨ ટકા રાહદારીઓનાં થાય છે.

વર્ષ-૨૦૨૬માં રોજના ૧.૪૫ વ્યક્તિનો મૃત્યુદર નોંધાય છે

બારડોલીના ધારાસભ્ય ઈશ્વર પરમારે જણાવ્યું હતું કે, વર્ષ-૨૦૨૬માં રોજના ૧.૪૫ વ્યક્તિનો મૃત્યુદર નોંધાઈ રહ્યો છે. યુવાનો ભારતનું ભવિષ્ય છે અને કોઈ પરિવારનો માળો વિખેરાઈ ન જાય તેની ચિંતા કરી યુવાનોએ માર્ગ સલામતીમાં રોલ મોડેલ બનવું જોઈએ.

Gen-Zએ અગ્રદૂત બનવાની જરૂર: સતીશ પટેલ

ગુજરાત રાજ્યના રોડ સેફ્ટી કમિશનર સતીશ પટેલે ઉમેર્યું હતું કે, સમગ્ર રાજ્યમાં આ પ્રકારનો આ પ્રથમ કાર્યક્રમ છે. અકસ્માતો ઘટાડવા માટે આજની યુવા પેઢી (Gen-Z)એ આગળ આવીને માર્ગ સલામતીના અગ્રદૂત બનવાની જરૂર છે.

કરણ ગામમાં નવી શાળાના બાંધકામ સ્થળને લઈ વિવાદ

વિદ્યાર્થીઓ માટે સુરક્ષિત અને અવરજવર માટે અનુકૂળ ન હોય એવી જગ્યાની પસંદગી

અયોગ્ય જગ્યાએ બાંધકામ શરૂ કરવામાં આવશે તો ગ્રામજનોની આંદોલનની ચીમકી

પલસાણા: પલસાણાના કરણ ગામમાં નવી શાળાના નિર્માણ કાર્યને લઈ મોટો વિવાદ સર્જાયો છે. નવી શાળા બનાવવા માટે તંત્ર દ્વારા જે જગ્યા પસંદ કરવામાં આવી છે, તેને લઈને સ્થાનિક ગ્રામજનોમાં ભારે અસંતોષ અને રોષ જોવા મળી રહ્યો છે, જેના પગલે ગામલોકોએ એકત્ર થઈને ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર પલસાણાના કરણ ગામમાં બાળકોનાં શિક્ષણ માટે નવી શાળાનું મકાન મંજૂર કરવામાં આવ્યું છે. પરંતુ જે સ્થળે આ શાળાનું બાંધકામ શરૂ કરવાની હિલચાલ ચાલી રહી છે તે જગ્યા યોગ્ય ન હોવાનો ગ્રામજનો આક્ષેપ કરી રહ્યા છે.

લોકોની માંગ છે કે શાળા એવી જગ્યાએ બનાવવામાં આવે, જે ગામના તમામ વિદ્યાર્થીઓ માટે સુરક્ષિત અને અવરજવર માટે અનુકૂળ હોય. જગ્યાની પસંદગીમાં સ્થાનિકોને પૂરતા વિશ્વાસમાં ન લેવાયા હોવાની પણ રાવ ઊઠી છે.

આ મુદ્દે ગ્રામજનોએ વિરોધ પ્રદર્શન કરી સંબંધિત વિભાગ સમક્ષ પોતાની રજૂઆત કરી હતી અને બાંધકામની જગ્યા બદલવાની માંગ કરી છે. સ્થાનિક લોકોએ સ્પષ્ટ નારાજગી વ્યક્ત કરી છે કે જો તેમની વ્યાજબી માંગણીઓ સંતોષવામાં નહીં આવે અને અયોગ્ય જગ્યાએ બાંધકામ શરૂ કરવામાં આવશે, તો આગામી દિવસોમાં આ વિરોધ વધુ ઉગ્ર બની શકે છે. હાલ પૂરતું આ વિવાદના કારણે શાળાના નિર્માણની પ્રક્રિયા સામે પ્રશ્નાર્થ સર્જાયો છે અને હવે સ્થાનિક વહીવટી તંત્ર આ મામલે શું ઉકેલ લાવે છે તેના પર સૌની નજર ટકેલી છે.

માંડવી રાઈસ મિલે રૂ.૪.૮૭ લાખનો ચોખ્ખો નફો કર્યો, હિસાબો મંજૂર

હિતેશ પટેલ

માંડવી રાઈસ મિલ અને ખરીદ-વેચાણ સંઘની વાર્ષિક સાધારણ સભા યોજાઈ

માંડવી: માંડવી રાઈસ મિલના કૃષિ મંગલ હોલ ખાતે બે મહત્ત્વપૂર્ણ સંસ્થા માંડવી તાલુકા ખેતીપાક રૂપાંતર અને વેચાણ સહકારી મંડળી લિ.ની ૬૧મી અને માંડવી તાલુકા ખરીદ-વેચાણ સંઘની ૭૫મી વાર્ષિક સાધારણ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

રાઈસ મિલ સંસ્થાના પ્રમુખ નરપતસિંહ વાંસીયાએ તમામ સભાસદ ભાઈ-બહેનોનું સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેલા સાંસદ પરભુભાઈ વસાવાએ સંસ્થાની ઉત્તરોત્તર પ્રગતિને બિરદાવી હતી. સભાની કાર્યવાહીને આગળ વધારતા, ડિરેક્ટર કનુભાઈ પટેલ અને મેનેજર પ્રવીણસિંહ મહિડા દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ના નાણાકીય હિસાબો રજૂ કરવામાં આવ્યા હતા. આ હિસાબોને સભાસદો દ્વારા સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી. રાઈસ મિલે આ વર્ષે રૂ.૪,૮૭,૨૩૪નો ચોખ્ખો નફો કર્યો છે.

આ જ સ્થળે ખરીદ-વેચાણ સંઘની ૭૫મી સાધારણ સભા પ્રમુખ રામસિંગભાઈ ચૌધરીના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી, જેમાં સંઘના મેનેજર બકુલસિંહ ખેર દ્વારા એજન્ડાનાં કામોનું વાંચન કરવામાં આવ્યું હતું, જેને તમામ સભાસદો દ્વારા સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી હતી. આ સભામાં ખેડૂતોને ટેક્નિકલ માર્ગદર્શન આપવા માટે સુરત જિલ્લા ઈફ્કો (IFFCO) કંપનીના મેનેજર દર્શનભાઈ કોરાટ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે નેનો યુરિયા, નેનો ડીએપી, સાગરિકા, ઝીંક તેમજ ધારા અમૃત જેવા લિક્વિડ ખાતરોના ફાયદાઓ અંગે વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. અંતે સંસ્થાના ઉપપ્રમુખ રામુભાઈ પટેલે આભારવિધિ કરી હતી.

સંક્ષિપ્ત સમાચાર

ખરચના બિરલા સેલ્યુલોઝિક ખાતે બીજો સેફ્ટી કોન્ક્લેવ યોજાયો

ઈબ્રાહીમ કાનુ

હથોડા: બિરલા સેલ્યુલોઝિક, ખરચ ખાતે "Weaving Safety into Every Fibre" થિમ હેઠળ બેદિવસીય '2nd સેફ્ટી કોન્ક્લેવ FY27' યોજાયો હતો. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ સુરક્ષા નેતૃત્વને મજબૂત કરી સંસ્થાના 'Zero Harm' વિઝનને આગળ ધપાવવાનો હતો. આદિત્ય વંદના અને ABPS શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સેફ્ટી એન્થમની રજૂઆત સાથે કાર્યક્રમની શરૂઆત થઈ હતી. યુનિટ હેડ વિજયેન્દ્ર બાબુ અને COO કે. સુરેશે સુરક્ષાને રોજિંદા કાર્યની વ્યક્તિગત જવાબદારી બનાવવા પર ભાર મૂક્યો હતો. કોન્ક્લેવમાં ભારત, ચીન, ઇન્ડોનેશિયા અને થાઇલેન્ડના પ્રતિનિધિઓએ ભાગ લઈ શ્રેષ્ઠ સુરક્ષા પદ્ધતિઓ શેર કરી હતી. આ પ્રસંગે સામૂહિક સુરક્ષાના ચાર સ્તંભો CARE, COMMIT, COLLABORATE અને CREATE EXCELLENCE રજૂ કરવામાં આવ્યા હતા. સેફ્ટી કોન્ક્લેવના સફળ આયોજન અને અમલીકરણમાં અરુણ સાલુંકે, સેફ્ટી હેડના મૂલ્યવાન યોગદાન અને સહકારની પણ પ્રશંસા કરવામાં આવી હતી. એન્થમના શબ્દો જિતેન્દ્ર પટેલ, મિહીર ભટ્ટ અને સુશ્રી પૃથ્વી દ્વારા રચવામાં આવ્યા હતા, જ્યારે સંગીત સંયોજન દશરથ દેઠા અને પ્રશાંત મહેતા દ્વારા કરવામાં આવ્યું હતું

માંડવી આદિવાસી સર્વાંગી વિકાસ સંઘનું પડતર પ્રશ્નો મુદ્દે મામલતદારને આવેદન

માંડવી : માંડવી તાલુકા સહિત સમગ્ર આદિવાસી વિસ્તારના લોકોના હિત, અધિકાર અને સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને 'આદિવાસી સર્વાંગી વિકાસ સંઘ, માંડવી' દ્વારા મામલતદારને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે. આ આવેદનપત્રમાં આદિવાસી સમાજના ઉત્કર્ષ માટે કુલ ૨૧ જેટલી વિવિધ માંગણી રજૂ કરી તેનું વહેલી તકે હકારાત્મક નિરાકરણ લાવવા અનુરોધ કરાયો છે. મુખ્ય માંગણીઓમાં માંડવીમાં સામાજિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે 'આદિવાસી ભવન'નું નિર્માણ કરવા, જમીન સંપાદન પૂર્વે ગ્રામસભાનો પરામર્શ કરવા, અને વન અધિકાર કાયદા હેઠળના પેન્ડિંગ દાવાઓનો સત્વરે નિકાલ લાવવા પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. ઉપરાંત, યુવાનો માટે લાઈબ્રેરી તેમજ શારીરિક કસોટીની તૈયારી માટે ગ્રાઉન્ડની સુવિધા ઊભી કરવા, સિંચાઈથી વંચિત ગામોમાં પાણીની પાઇપલાઇન પહોંચાડવા, જર્જરિત રોડનું નવીનીકરણ કરવા અને ગેરકાયદે ખનન તથા નશાબંધીનો કડક અમલ કરાવવાની પણ માંગ કરાઈ છે. વધુમાં, ડેમ વિસ્થાપિતોના પ્રશ્નો હલ કરવા, હાઈવેની કામગીરીમાં સ્થાનિકોના હિતોનું રક્ષણ કરવા અને વૃદ્ધ-વિધવા સહાયમાં વધારો કરવાની રજૂઆત થઈ છે.

નેત્રંગમાં આધેડનો મૃતદેહ મળ્યો

કામરેજ: કામરેજના નેત્રંગ ગામની હદમાં આવેલા પેટ્રોલ પંપ નજીક બે દિવસ અગાઉ સાંજે કરશનભાઈ મગનભાઈ ભીલ (ઉં.વ.60) (મૂળ રહે., રાયસંગપુરા, તા.નસવાડી, જિ.છોટા ઉદેપુર) મૃત હાલતમાં મળી આવતાં કામરેજ પોલીસે અકસ્માત મોત નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઉમરપાડા તાલુકામાં વિકાસ કામો માટે રૂ.૨.૬૬ કરોડ મંજૂર

વાંકલ: ઉમરપાડા તાલુકામાં 'વિકાસશીલ તાલુકા જોગવાઈ' (વર્ષ ૨૦૨૬-૨૭) અંતર્ગત રૂ.૨.૬૬ કરોડના ખર્ચે ૨૬ જેટલાં વિકાસકામોને મંજૂરી આપવામાં આવી છે. ઉમરપાડા તાલુકાના વિવિધ હોદ્દેદારો, સરપંચો, જિલ્લા/તાલુકા પંચાયત સદસ્યો અને સ્થાનિક કાર્યકર્તાઓ દ્વારા તાલુકાની સરકારી/ઉચ્ચતર સરકારી શાળાઓ અને આંગણવાડીના નવીનીકરણ તેમજ ભૌતિક સુવિધાઓ વધારવા અંગે પૂર્વ કેબિનેટ મંત્રી ગણપતસિંહ વસાવાને રજૂઆત કરવામાં આવી હતી. જેના પરિણામે ગ્રાન્ટ મંજૂર કરાઈ છે.

બારડોલી નજીક કતલખાને લઈ જવાતી ૨૨ ભેંસ ભરેલી ટ્રક ઝડપાઈ

૩ આરોપીની ધરપકડ, ૨ જણા વોન્ટેડ જાહેર

બારડોલી: બારડોલી નજીકથી પોલીસે ગેરકાયદે રીતે કતલખાને લઈ જવાતી ૨૨ ભેંસને બચાવી લીધી છે. જીવદયા પ્રેમીઓએ ૧૧૨ હેલ્પલાઈન પર જાણ કરતાં પોલીસે તેન ગામ નજીક સુરુચિ વસાહત પાસે, ધુલિયા ચોકડીના ઓવરબ્રિજ ચડતા પહેલા વોચ ગોઠવીને નેશનલ હાઈવે નં.૫૩ પરથી એક શંકાસ્પદ બંધ બોડીના કન્ટેનર ટ્રકને ઝડપી પાડ્યો હતો.

પોલીસની તપાસમાં અશોક લેલેન્ડ કંપનીના આ ટ્રક નં.(RJ-11-GC-0354)માંથી ૨૨ જેટલી ભેંસ મળી આવી હતી. જેમને ટૂંકા દોરડા વડે અત્યંત ક્રૂરતાપૂર્વક બાંધવામાં આવી હતી. પોલીસે પ્રત્યેક ભેંસની કિંમત દસ હજાર રૂપિયા ગણી ૨૨ ભેંસની કુલ કિં.૨,૨૦,૦૦૦ રૂપિયા, ૧૫ લાખ રૂપિયાની ટ્રક અને એક મોબાઈલ ફોન મળી કુલ ૧૭,૨૫,૦૦૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ ગુનામાં પોલીસે ટ્રકમાંથી ત્રણ ઈસમને ઝડપી પાડ્યા છે. પકડાયેલા આરોપીઓમાં ડ્રાઈવર શાહુનખાન અશરૂદ્દીન ખાન, ક્લીનર અરમાન સત્તાર ખાન અને ક્લીનર ફિરોઝ સમસેદ ખાનનો સમાવેશ થાય છે, જેઓ મૂળ હરિયાણાના રહેવાસી છે. આરોપીઓની પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે આ ભેંસો આણંદના સામરખા ગામના પ્રભાતભાઈએ ભરાવી આપી હતી. જ્યારે ટ્રકનો માલિક હરિયાણાનો મુસ્તુફા ખાન છે. આથી પોલીસે માલ ભરાવી આપનાર પ્રભાતભાઈ અને ટ્રક માલિક મુસ્તુફા ખાનને વોન્ટેડ જાહેર કર્યા છે. આ સમગ્ર મામલે બારડોલી ટાઉન પોલીસ સ્ટેશનમાં પોલીસ કર્મચારી અમિતભાઈ ગણપતભાઈની ફરિયાદના આધારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

બગુમરામાં રૂ.૧.૨૦ લાખની મોટરસાઇકલની ચોરી

પલસાણા: બગુમરા ગામની સાંઈ વાટિકા સોસાયટીમાં ઘર નં.૫૨૧માં રહેતા અને વેપાર સાથે સંકળાયેલા ૩૧ વર્ષીય આશીષભાઈ કમલેશ નારાયણ શુકલાની સુઝુકી કંપનીની જીક્સર મોટરસાઇકલ (GJ-19-BL-4089) ચોરાઈ ગઈ છે. આશીષભાઈએ ગત તા.૨૩ સપ્ટેમ્બરે સાંજે ૭:૩૦થી રાત્રિના ૧૦ વાગ્યાના અરસામાં પોતાની મોટરસાઇકલ બગુમરામાં આવેલા સિલ્વર પ્લાઝા કોમ્પ્લેક્ષના ખુલ્લા પાર્કિંગમાં મૂકી હતી. આ સમયગાળા દરમિયાન કોઈ અજાણ્યો ચોર ઈસમ તકનો લાભ ઉઠાવી રૂ.૧,૨૦,૦૦૦ની કિંમતની બાઇક ચોરી જતાં પલસાણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

સાવામાં નહેરમાં લાશ તણાઈ આવી

હથોડા: સાવા ગામની હદમાંથી પસાર થતી શિયાલજ માઈનોરમાંથી સોમવારે મોડી સાંજે કોઈ અજાણ્યા પુરુષની તણાઈ આવેલી લાશ મળી આવી હતી. આ બાબતે કોસંબા પોલીસને જાણ કરતાં ઘટના સ્થળે પહોંચી પોલીસે નહેરમાંથી લાશ બહાર કઢાવી પોસ્ટમોર્ટમ કરાવી લાશ કોની છે તે જાણવા તજવીજ હાથ ધરી છે.

વાવ પાસે શ્રમિકનું ઊંઘમાં જ મોત

કામરેજ: મૂળ મહારાષ્ટ્રના જાલના જિલ્લાના રમાબાઈનગરના વતની અને હાલ કામરેજના વાવ ગામે સમર્પણ પેરેડાઈસ સોસાયટીની બાંધકામની સાઈડ પર છેલ્લા દોઢ વર્ષથી રહીને મજૂરી કામ કરતો સુરેશ દયાનંદ મેના (ઉં.વ.46)ને થોડા દિવસ અગાઉ પેટમાં દુખાવો થતાં સારવાર માટે સ્મીમેર હોસ્પીટલમાં લઈ જવામાં આવ્યો હતો. થોડા દિવસ સારવાર કરાવ્યા બાદ પડાવ પર આવી ગયો હતો. બે દિવસ અગાઉ રાત્રિના પાણી પીને ઊંઘી ગયો હતો. મોડીરાત્રિના સાથે કામ કરતાં ચેનસિંહએ ઉઠાડતા ઊઠ્યો ન હતો, તેનું મોત થતાં કામરેજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

पंजाब नैशनल बैंक ...भरोसे का प्रतीक ! punjab national bank ...the name you can BANK upon !

બીઓ : પાલ રોડ શાખા (૫૯૮૫૦૦) : દુકાન નં.૧૮ અને ૧૯ સિધ્ધ ચક રેસીડેન્સી, ગેલેક્ષી સર્કલ નજીક, પાલ-૩૯૪૫૧૦ email: bo5985@pnb.bank.in

અહી નોટીસ આથી નીચેના દેવાદારો શ્રી રાજેશ શંકરલાલ વૈદય (દેવાદાર) અને શ્રીમતી ગીતા રાજેશ વૈદય (સહ દેવાદાર) સરનામું : એ-૯૦૩ શીલાલેખ ગ્રીન આર્કેડ સામે, એલ.પી.સવણી રોડ, અડાજણ, સુરત-૩૯૫૦૦૯, ગુજરાત અને શ્રી વિપુલભાઈ પી. સાવલીયા (જામીનદાર) : સરનામું : બી-૩૫, યોગીરામ રો હાઉસ, પુણા સીમાડા રોડ, પુણા ગામ, સુરત-૩૯૫૦૧૦ અને ૨૦૮, વનમાલી રો હાઉસ, સીમાડા રોડ, યોગી ચોક, વરાછા બેંક નજીક, સુરત-૩૯૫૦૧૦. ...

અ. નં.	દેવાદારો /જામીનદારો ના નામ અને ખાતા નંબર	સુરક્ષિત મિલકત	નોટીસની તારીખ	એનપીએ ની તારીખ	બાકી રકમ
૧	શ્રી રાજેશ શંકરલાલ વૈદય (દેવાદાર), અને શ્રીમતી ગીતા રાજેશ વૈદય (સહ દેવાદાર) શ્રી વિપુલભાઈ પી. સાવલીયા (જામીનદાર) ખાતા નં.534000NC00000823 & 5340009900000509	[illegible]	૦૩.૦૯.૨૦૨૬	૨૪.૦૮.૨૦૨૬	રૂ. ૨૪,૬૪,૩૨૮/-

તારીખ : ૦૭.૦૯.૨૦૨૬ સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda — હનીપાર્ક રોડ શાખા, સુરત : ૩, શિવાલિક વેસ્ટર્ન, એલ.પી.સવાણી રોડ, અડાજણ, સુરત-૩૯૫૦૦૯. email id :honeyp@bankofbaroda.com

કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે) [સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮(૧) હેઠળ]

તા. ૨૫.૦૯.૨૦૨૬ | સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, હની પાર્ક રોડ શાખા

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda — કતારગામ શાખા : દુકાન નં ૩, ગ્રાઉન્ડ ફ્લોર, અવધ-૨ બિલ્ડીંગ, મારૂતિ સુઝુકી શોરૂમ ની સામે, કતારગામ, સુરત-૩૯૫૦૦૪ ફોન : ૦૨૬૧- ૨૪૮૮૯૦૦/૨૪૮૦૦૧૧ Email : katarg@bankofbaroda.com

કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે) [સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮(૧) હેઠળ]

નીચે સહી કરનાર બેંક ઓફ બરોડાના અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩ (૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ તા.૦૫.૧૧.૨૦૨૫ ના ...

તા. ૨૪.૦૯.૨૦૨૬ | સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, કતારગામ શાખા

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda — સગરામપુરા શાખા : ... સગરામપુરા, સુરત-૩૯૫૦૦૨ E-Mail Id : sagram@bankofbaroda.co.in

કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે) (નિયમ ૮(૧))

તા. ૨૩.૦૯.૨૦૨૬ | સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, સગરામપુરા શાખા

બેંક ઓફ ઇન્ડિયા BOI Bank of India — ટેક્સટાઈલ માર્કેટ શાખા ... Email : textilemarket.surat@bankofindia.bank.in

કબજા નોટીસ

તા. ૨૩.૦૯.૨૦૨૬ | સ્થળ : સુરત — ચીફ મેનેજર અને અધિકૃત અધિકારી, બેંક ઓફ ઇન્ડિયા, ટેક્સટાઈલ માર્કેટ શાખા